| | | | |
|---|---|---|---|
| GJVD020019692006 | | દાખલ તારીખ | ૧૯.૦૫.૨૦૦૬ |
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૧૯.૦૫.૨૦૦૬ |
| | | ફેંસલ તારીખ | **૦૧.૦૭.૨૦૨૬** |

**મે. વડોદરાના ત્રીજા અધિક જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીની કોર્ટ, મુકામ – વડોદરા.**

<u>ફોજદારી કેસ નંબર</u>. – ► ૩૫૧૫૮/૨૦૦૬

<u>આંક</u> – ►

**ફરિયાદી :–** શ્રી સરકાર.

<u>**વિરૂધ્ધ**</u>

**આરોપી :–**

**(૧) દુષ્યંત નરસીહગીર ગોસ્વામી,**
રહે. ૨૭–એ, ગણેશ નગર સોસાયટી, રામાકાકા રોડ, છાણી, વડોદરા.
**(૨) સુનિલ દિપકભાઇ પટણી,**
રહે. ૪૬, શ્રી સોસાયટી, ન્યુ ખંડેરાવ રોડ, જવાહર સોસાયટી સામે, પ્રતાપનગર, વડોદરા. (સી.આર.પી.સી. ની કલમ–૨૯૯ મુજબ)
**(૩) શિતલભાઇ દિનેશભાઇ પટેલ,**
રહે. સી–૯૨, હરિઓમ ટાવર્સ, સલ ગાર્ડન, નવરંગપુરા, અમદાવાદ. (સી.આર.પી.સી. ની કલમ–૨૯૯ મુજબ)

| | | |
|---|---|---|
| **<u>ગુન્હો</u>.** | ⇨ | <u>ઇ. પી. કોડની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯, ૧૨૦(બી) તથા ટેલીગ્રાફ એક્ટની કલમ–૨૦, ૨૦(એ), ૨૫ મુજબ.</u> |

| | | |
|---|---|---|
| ફરિયાદપક્ષ તરફે | વિ.એ.પી.પી.શ્રી | આર. એમ. પડાયા |
| આરોપી નં. ૧ તરફે | વિ.વકીલ શ્રી | એસ. એચ. પટેલ |

## // ચુ કા દો //

(૧) વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ ઇ. પી. કોડની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯, ૧૨૦(બી) તથા ટેલીગ્રાફ એક્ટની કલમ–૨૦, ૨૦(એ), ૨૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓનો આક્ષેપ છે.

(૨) **ફરિયાદની ટૂંકમાં હકીકતઃ–**

આ કામે ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ભેગા મળી સાહેદ ઘુસાલાલ લાલજીભાઇ પટેલના જેતલપુર રોડ ઉપર આવેલ ચીકુવાડીના સુવર્ણપુરી એપાર્ટમેન્ટમાં પ્લોટ નં. ૭ ના કાન્ત ફ્લેટ નં.૨ ના બીજા માળનું મકાન તેઓને ઘરવપરાશ માટે ભાડે લેવાનું છે તેમ જણાવી આ મકાન ફર્નિચર સાથે રૂા.૧૬,૦૦૦/– ના માસીક ભાડાથી તા.૧૮/૧૧/૨૦૦૪ થી ભાડેથી રાખી જે મકાનમાં અને પછી આ કામના આોરોપીઓએ પોતાના ગેરકાયદેસર આર્થિક ફાયદા માટે આ કામના આરોપી શિતલ દિનેશભાઈ પટેલ તથા આરોપી નં.૨ દિનેશભાઈ મફતલાલ પટેલ નાઓ કે જેઓ આરોપી નં.૩ શિતલ દિનેશભાઈ પટેલના પિતાજી થાય છે અને તેઓ બન્ને અમદાવાદ ખાતે ડીસ ટેલીકો ટેકનોલોજી પ્રા.લી. નામની કંપની રજીસ્ટર કરાવેલ જેસી ૯૧.૯૨ હરિઓમ ટાવર્સ, પંચવટી રોડ, એલીસબ્રીજ અમદાવાદ ખાતેનુ સરનામું જાહેર કરી કંપની શરુ કરેલી જે કંપનીનું અમદાવાદ સ્ટાન્ડર્ડ ચાર્ટડ બેંક મીઠાખડીમાં ચાલતા એકાઉન્ટનો ચેક નંબર ૯૪૭૯૮૯ નો રૂા. ૫૦,૦૦૦/– નો આપી આરોપીઓ પોતે જ પોતાના ખોટા નામો જાહેર કરી તેમજ સદર બેંકમાં ખોટા ફોટા તથા મોબાઈલ ટેલીફોન નંબરો આપી પોપ્યુલર શોફટવેર પ્રા.લી. નામે અને ડાયરેકટર તરીકે એમ.જે.પટેલ તથા સંજય બી.પટેલના ખોટા નામો દર્શાવી પોપ્યુલર શોફટવેર પ્રા.લી. ખાતુ ખોલાવી જે આધારે આરોપી નં. ૧ દુષ્યંત

નરસિંહગીર ગોસ્વામી કે જેઓનું અલકાપુરી સંપતરામ કોલોનીમાં આવેલ છપ્પનભોગ હોટલ સામે આવેલ 'અમીન ચેમ્બર' ના પાંચમા માળે D2V ની ઓફીસ આવેલ છે અને તેઓ તેના ડાયરેકટર છે તેમનો સંપર્ક કરી નવેમ્બર–૨૦૦૪ માં ઈન્ટરનેટ ના ઉપયોગ માટે D2V માંથી પોપ્યુલર સોફટવેર પ્રા.લી. નામે કનેકશન મેળવવા માટે ફોર્મ ભરી તેમજ આરોપી સુનીલ પટણી ના નામે કરેલ મકાનભાડા કરારના કાગળો રજુ કરી ઈન્ટરનેટ કનેકશન મેળવી આરોપી ધવલ પટેલ નાએ રીલાયન્સ કંપનીના વાયરલેશ લોકલ લૂપ ફોન નંગ ૨૪ મેળવી તથા D2V માંથી મેળવેલ કનેકશનના ઉપયોગ કરી પોપ્યુલર સોફટવેર ના નામે ઉપરોકત જણાવેલ ચીકુવાડી ખાતે ખાનગી અનઅધિકૃત ટેલીફોન એક્ષચેન્જ ઉભુ કરી ચલાવી વિદેશથી આવતા ટેલીફોનનો બારોબાર સરકારશ્રી ના ગેટ–વે નો ઉપયોગ કર્યા સિવાય સીધા ગ્રાહકોને ઈન્ટરનેટથી રીલાયન્સ ના લેન્ડ લાઈન વાયરલેશ લોકલ લૂપ ફોનથી વાતચીત કરાવડાવી અનઅધિકૃત રીતે મોટો આર્થિક ફાયદો મેળવી સરકારશ્રીને તથા DOT તથા બી.એસ.એન.એલ. ને રૂા.૧,૧૮,૧૨,૫૦૦/– નું નુકશાન પહોચાડી તથા દેશની આંતરીક સલામતી જોખમાય તેવુ ગુનાહિત કૃત્ય કરી, છેતરપીંડી કરી તથા અનઅધિકૃત રીતે ચોરી કરી, આરોપીઓએ પૂર્વ આયોજીત કાવતરું ઘડી, ગુનો કરેલ છે. આમ, આરોપીઓ વિરૂધ્ધ ઇ. પી. કોડની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯, ૧૨૦(બી) તથા ટેલીગ્રાફ એક્ટની કલમ–૨૦, ૨૦(એ), ૨૫ મુજબનો ગૂનો કરેલ હોવાનો આક્ષેપ છે.

<u>પોલીસ કાર્યવાહીઃ</u>–

(૩) ઇ. પી. કોડની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯, ૧૨૦(બી) તથા ટેલીગ્રાફ એક્ટની કલમ–૨૦, ૨૦(એ), ૨૫ મુજબના ગુના સબબની ફરિયાદ આ કામના ફરિયાદીએ જે.પી. રોડ પો. સ્ટે. ફસ્ટ ગુ.

રજી. નં. ૫૯/૨૦૦૫ થી ગુનો નોંધવામાં આવેલો. તે આધારે સદર ગુનાની તપાસ આ કામના તપાસ કરનાર અધિકારીને સોંપતા ત.ક.અ.શ્રીએ પંચનામુ પંચો રૂબરૂ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં, ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૩(૨) મુજબ પોલીસ અહેવાલ (ચાર્જશીટ) અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

**<u>કોર્ટ કાર્યવાહીઃ–</u>**

(૪) પોલીસ અહેવાલ રજુ થતાં, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ ૨૧૦(૧)(ખ) આધારે આરોપીઓ વિરૂધ્ધ ઇ. પી. કોડની કલમ– ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯, ૧૨૦(બી) તથા ટેલીગ્રાફ એક્ટની કલમ–૨૦, ૨૦(એ), ૨૫ ના ગુન્હાઓ અંગેનું સંજ્ઞાન લઇ, આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતાં, આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ વિના મુલ્યે પુરી પાડી, ત્યારબાદ આરોપીઓ સામે **આંક–૫૧** થી તહોમતનામું ઘડી, વાંચી સંભળાવી, સમજાવી ત્યારબાદ તેઓનો જવાબ **આંક–૫૨** લગત લેતાં, આરોપીઓએ ગુન્હાનો ઇન્કાર કરતાં, સદર કેસની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

ચાલુ ઇન્સાફી કાર્યવાહી દરમિયાન મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીએ આરોપી નં. ૨ તથા ૩ ઘણા સમયથી મળી આવતા ન હોય તેમજ આરોપી નં. ૨ તથા ૩ નજીકના ભવિષ્યમાં પણ મળી આવે તેવી શક્યતાઓ નહિવત હોઇ ફરિયાદપક્ષનો પુરાવો રક્ષીત કરવા માટે સાહેદોની જુબાની નોંધવી જરૂરી જણાતી હોય ક્રિમીનલ પ્રોસીઝર કોડની

કલમ–૨૯૯ ની જોગવાઈઓને ધ્યાને રાખી આંક–૧ લગત હુકમ કરેલ છે.

**<u>પક્ષકારો તર્ફે રજૂ પુરાવાઃ–</u>**

(૫) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૨ અન્વયે નીચે મુજબના પુરાવા રજૂ કરેલા છે.

## // (અ) મૌખિક પુરાવો //

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ ઈરફાન શબ્બીર અહેમદ પઠાણ ની જુબાની | ૧૧ |
| ૨ | પંચ સાહેદ મહંમદહનીફ નિઝામભાઈ ચૌહાણ ની જુબાની | ૭૪ |
| ૩ | પંચ સાહેદ ઈસ્માઈલ અબ્દુલભાઈ શેખ ની જુબાની | ૮૧ |
| ૪ | પંચ સાહેદ ધર્મેન્દ્રસિંહ જાલા ની જુબાની | ૧૦૦ |
| ૫ | સાહેદ બિપીનચંદ્ર ગંગાદાસ પટેલ ની જુબાની | ૧૦૫ |
| ૬ | હે.કો. પ્રભાતસિંહ ચંદ્રસિંહ રાણા ની જુબાની | ૧૧૯ |
| ૭ | ત.ક.અ. કિશોરસિંહ બહાદુરસિંહ જાડેજા ની જુબાની | ૧૨૧ |

## // (બ) દસ્તાવેજી પુરાવો //

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૧૨ |
| ૨ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું | ૭૫ |

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૩ | પંચનામું | ૧૦૧ |
| ૪ | ફરિયાદ | ૧૨૦ |

**આરોપીનું વિશેષ નિવેદનઃ–**

(૬) ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજૂ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતાં ત્યારબાદ સદર કામે આરોપીનું ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધતાં, આરોપીએ તેઓની સામે આક્ષેપાયેલ આરોપોનો ઈન્કાર કરેલ હોવાનું જણાવેલ છે તેમજ સોંગદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદો તપાસવા પણ ઈન્કાર કરેલ છે. વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી ફરિયાદ કરેલ હોવાનું જણાવેલ છે. આમ, બચાવપક્ષે તેઓના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**પક્ષકારો તર્ફે દલીલોઃ–**

(૭) આ કામે સરકારપક્ષે વિ.એ.પી.પી.શ્રીની દલીલો તેમજ બચાવપક્ષ તર્ફે વિ. વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૮) ઉપરોકત કેસની હકીકતે અત્રેની અદાલતના ન્યાયિક નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**--// મુ દ્દા //--**

(૧) શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ભેગા મળી સાહેદ ઘુસાલાલ લાલજીભાઈ

પટેલના જેતલપુર રોડ ઉપર આવેલ ચીકુવાડીના સુવર્ણપુરી એપાર્ટમેન્ટમાં પ્લોટ નં. ૭ ના કાન્ત ફ્લેટ નં.૨ ના બીજા માળનું મકાન તેઓને ઘરવપરાશ માટે ભાડે લેવાનું છે તેમ જણાવી આ મકાન ફર્નિચર સાથે રૂા.૧૬,૦૦૦/– ના માસીક ભાડાથી તા.૧૮/૧૧/૨૦૦૪ થી ભાડેથી રાખી જે મકાનમાં અને પછી આ કામના આોરોપીઓએ પોતાના ગેરકાયદેસર આર્થિક ફાયદા માટે આ કામના આરોપી શિતલ દિનેશભાઈ પટેલ તથા આરોપી નં.૨ દિનેશભાઈ મફતલાલ પટેલ નાઓ કે જેઓ આરોપી નં.૩ શિતલ દિનેશભાઈ પટેલના પિતાજી થાય છે અને તેઓ બન્ને અમદાવાદ ખાતે ડીસ ટેલીકો ટેકનોલોજી પ્રા.લી. નામની કંપની રજીસ્ટર કરાવેલ જેસી ૯૧.૯૨ હરિઓમ ટાવર્સ, પંચવટી રોડ, એલીસબ્રીજ અમદાવાદ ખાતેનુ સરનામું જાહેર કરી કંપની શરુ કરેલી જે કંપનીનું અમદાવાદ સ્ટાન્ડર્ડ ચાર્ટડ બેંક મીઠાખડીમાં ચાલતા એકાઉન્ટનો ચેક નંબર ૯૪૭૯૮૯ નો રૂા. ૫૦,૦૦૦/– નો આપી આરોપીઓ પોતે જ પોતાના ખોટા નામો જાહેર કરી તેમજ સદર બેંકમાં ખોટા ફોટા તથા મોબાઈલ ટેલીફોન નંબરો આપી પોપ્યુલર શોફટવેર પ્રા.લી. નામે અને ડાયરેકટર તરીકે એમ.જે.પટેલ તથા સંજય બી.પટેલના ખોટા નામો દર્શાવી પોપ્યુલર શોફટવેર પ્રા.લી. ખાતુ ખોલાવી જે આધારે આરોપી નં. ૧ દુષ્યંત નરસિંહગીર ગોસ્વામી કે જેઓનું અલકાપુરી સંપતરામ કોલોનીમાં આવેલ છપ્પનભોગ હોટલ સામે આવેલ 'અમીન ચેમ્બર' ના પાંચમા માળે D2V ની ઓફીસ આવેલ છે અને તેઓ તેના ડાયરેકટર છે તેમનો સંપર્ક કરી નવેમ્બર–૨૦૦૪ માં ઈન્ટરનેટ ના ઉપયોગ માટે D2V માંથી પોપ્યુલર સોફટવેર પ્રા.લી. નામે

કનેકશન મેળવવા માટે ફોર્મ ભરી તેમજ આરોપી સુનીલ પટણી ના નામે કરેલ મકાનભાડા કરારના કાગળો રજુ કરી ઈન્ટરનેટ કનેકશન મેળવી આરોપી ધવલ પટેલ નાએ રીલાયન્સ કંપનીના વાયરલેશ લોકલ લૂપ ફોન નંગ ૨૪ મેળવી તથા D2V માંથી મેળવેલ કનેકશનના ઉપયોગ કરી પોપ્યુલર સોફટવેર ના નામે ઉપરોકત જણાવેલ ચીકુવાડી ખાતે ખાનગી અનઅધિકૃત ટેલીફોન એક્ષચેન્જ ઉભુ કરી ચલાવી વિદેશથી આવતા ટેલીફોનનો બારોબાર સરકારશ્રી ના ગેટ–વે નો ઉપયોગ કર્યા સિવાય સીધા ગ્રાહકોને ઈન્ટરનેટથી રીલાયન્સ ના લેન્ડ લાઈન વાયરલેશ લોકલ લૂપ ફોનથી વાતચીત કરાવડાવી અનઅધિકૃત રીતે મોટો આર્થિક ફાયદો મેળવી સરકારશ્રીને તથા DOT તથા બી.એસ.એન.એલ. ને રૂા.૧,૧૮,૧૨,૫૦૦/– નું નુકશાન પહોચાડી તથા દેશની આંતરીક સલામતી જોખમાય તેવુ ગુનાહિત કૃત્ય કરી, છેતરપીંડી કરી તથા અનઅધિકૃત રીતે ચોરી કરી, આરોપીઓએ પૂર્વ આયોજીત કાવતરું ઘડી, ઇ. પી. કોડની કલમ– ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯, ૧૨૦(બી) તથા ટેલીગ્રાફ એક્ટની કલમ–૨૦, ૨૦(એ), ૨૫ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

<u>ન્યાયિક નિર્ણયો</u> :–

(૯) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

➢ ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

## -// કા ર ણો //-

**<u>મુદ્દા નં.-૧</u>**

(૧૦) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરિયાદપક્ષે આરોપી સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટૂંકમાં આરોપી દોષિત છે તેવો પૂરતો અને વિશ્વસનીય પૂરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીએ પુરવાર કરવાનુ હોતુ નથી. એમ કહી શકાય કે, ફોજદારી મુકદ્દમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ દ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરિયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. "પુરાવાનું મુલ્યાંકન" શબ્દ ભારતીય પુરાવા અધિનિયમમાં કોઈ પણ સ્થાને વ્યાખ્યાયીત કરવામાં આવેલ નથી. "પુરાવાનું મુલ્યાંકન" ફકત અને ફકત ભારતીય પુરાવા અધિનીયમ કલમ-૩ માં દર્શાવેલ PROVED અને NOT PROVED શબ્દો ઉપર અવલંબે છે. કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવુ કે બિનઅસ્તિત્વ સાબિત માનવુ તે મુલ્યાંકનનો વિષય છે. આ પૂર્વભુમિકા સંદર્ભે ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરી ફરિયાદપક્ષ આરોપી સામેના તહોમત કે તે પૈકીનું

કોઈ પણ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરવાનો રહે છે. સદર કામે ફરીયાદ પક્ષે કુલ–૨૧ સાક્ષીઓ ચાર્જશીટમાં દર્શાવેલ છે જ પૈકી ૧૧ સાક્ષીઓ સદર કામે પ્રોસેસ કાઢવા છતા તેઓ મળી આવેલ નથી. ફરીયાદ પક્ષે સદર સાહેદો ની હાજરી સુનીશ્ચીત કરવા પુરતા પ્રયત્ન કરેલ હોવા છતા સદર સાહેદો મળી આવેલ ન હોય સદર કામ તેમની જુબાની નોંધવામાં આવેલ નથી. જેથી સદર સાક્ષીઓ સામે ઈશ્યુ કરેલ પ્રોસેસ સાક્ષી વાઈઝ નીચે મુજબની વિગતે હાલના કામે રેકર્ડ પર નોંધેલ છે.

| અનુક્રમ નંબર | સાક્ષીનુ નામ | વગર બજે આવેલ પ્રોસેસનો આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી હરચરણસિંહ દર્શનસિંહ સિંગ | ૧૦૬ |
| ૨ | સાહેદ મીરજમાનખાન નુરજહાનખાન પઠાણ | ૧૦૭ |
| ૩ | સાહેદ કિન્નર ચંદ્રકાંત પટેલ | ૧૦૨ |
| ૪ | સાહેદ બ્રિજેશભાઈ જીવાભાઈ પટેલ | ૧૦૩ |
| ૫ | સાહેદ કેતનભાઈ મનુભાઈ શર્મા | ૧૦૮ |
| ૬ | સાહેદ શેતલ ભાનુપ્રસાદ શાહ | ૧૦૯ |
| ૭ | સાહેદ સતિષભાઈ ગોરધનભાઈ વાઘેલા | ૧૧૧ |
| ૮ | સાહેદ હિતેશભાઇ કિરીટભાઇ પટેલ | ૧૧૨ |
| ૯ | સાહેદ કુંન્તલબેન રાજેશભાઈ રાવલ | ૧૧૨એ |
| ૧૦ | સાહેદ મોના રવિન્દ્ર મોદી | ૧૧૨બી |
| ૧૧ | સાહેદ પરાગ રમેશચંદ્ર પટેલ | ૧૧૬ |

**(૧૧)** હવે, ફરિયાદપક્ષે રજૂ કરવામાં આવેલ સમગ્ર પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે ફરિયાદપક્ષે **આંક–૧૧** થી પંચ સાહેદ ઈરફાન શબ્બીર અહેમદ પઠાણ નાઓને તથા **આંક–૭૪** થી પંચ સાહેદ મહંમદહનીફ નિઝામભાઈ ચૌહાણ નાઓને તપાસવામાં આવેલ છે તથા **આંક–૮૧** થી પંચ સાહેદ ઈસ્માઈલ અબ્દુલભાઈ શેખ નાઓને તપાસવામાં આવેલ છે તથા **આંક–૧૦૦** થી પંચ સાહેદ ધર્મેન્દ્રસિંહ જાલા નાઓને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાનીમાં

પંચનામાંની નકલ **આંક–૧૨, આંક–૭૫** તથા **આંક–૧૦૧** થી રજૂ થયેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં આજથી છ એક વર્ષ અગાઉ પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલ. પંચનામા વિશે તેઓને કોઇ જાત માહિતી નથી. પોલીસે તેઓની રૂબરૂમાં કોઇ પંચનામું કરેલ હોય કે કોઇ મુદ્દામાલ કબજે કરેલ હોય તેવું બનેલ નથી. તેઓ કોઈ આરોપીને ઓળખતા નથી. પોતાની સહી ઓળખયા સિવાયની અન્ય હકિકતોનો ઈન્કાર કરેલ છે. જેથી સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી, તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને સાહેદની વિ.એ.પી.પી.શ્રીએ વિસ્તૃતમાં ઉલટ તપાસ કરેલ છે. પરંતુ, ફરિયાદપક્ષ તેમની ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો રજૂ રાખી શકેલ નથી.

સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી, તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને સદર સાહેદની વિ.એ.પી.પી.શ્રીએ વિસ્તૃતમાં ઉલટતપાસ કરેલ છે. પરંતુ, ફરિયાદપક્ષ તેમની ઉલટ તપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો રજૂ રાખી શકેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલ તે સિવાય બીજું કંઈ જાણતો નથી.

(૧૨) **આંક–૧૦૫** થી સાહેદ બિપીનચંદ્ર ગંગાદાસ પટેલ નાઓને સોગંદ ઉપર તપાસતાં તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૧૯૯૧ ની સાલથી બી.એસ.એન.એલ. માં નોકરી કરતા હતા અને સને ૨૦૦૪–૦૫ ના અરસામાં સબ ડીવીજનલ એન્જીન્યર ઈન્ટરનેટ વિભાગમાં

અલ્કાપુરી નજીક રેસકોર્ષમાં આવેલ ઓફીસમાં ફરજ બજાવતા હતા અને તેઓની ફરજમાં ઇન્ટરનેટ તેમજ લીજ લાઈનમાં કોમર્શીયલ એકટીવીટીની દેખરેખ અને તેના ઇન્ચાર્જ તરીકેની હતી તેમજ વિજીલન્સની પણ કામગીરી કરતા હતા અને ટેકનિકલ બાબતોના ઇન્ચાર્જ તરીકે કે.સી. પટેલ નાઓ હતા જે કે.સી. પટેલ હાલ અમેરીકા છે. તારીખ ૧૭/૦૨/૨૦૦૫ ના રોજ ડી.ઓ.ટી. વિજીલન્સ વિભાગના શ્રી હરીચરણસિંગ દર્શનર્સિંગ કે જેઓ વિજીલન્સ ડાઈરેકટર તરીકે ફરજ બજાવતા હતા તેઓ વડોદરા મુકામે અમુક ચોક્કસ સ્થળો પર અનીઅધીકુત રીતે ટેલીફોન એક્ષચેન્જ કાર્યરત છે તેવી માહીતી તેઓને મળેલી જે માહીતી આધારે તેઓ પણ તેઓની સાથે આ બાબતની કામગીરીમાં જોડાયેલા જેમા વડોદરા ખાતે ડી–ટુ–વી નામના આઇ.એસ.પી. ઇન્ટરનેટ સર્વિસ પુરી પાડતી કંપની કે જે અલ્કાપુરી વિસ્તારમાં કાર્યરત હતી ત્યા ગયેલા જેનુ ચોક્કસ નામ સ્થળ હાલ તેઓને યાદ નથી. તેઓના હરીચરણસિંગ સાહેબને જે બાતમી મળેલી તે બાતમી આધારે આ જગ્યાએ કોઈ ઇન્ટરનેટ ના મીસયુસ થવા બાબતે ની કામગીરી બાબતે તેઓને કહેલ અને ત્યા તેઓ હરીચરણસિંગ, કે.સી. પટેલ કે જેઓ ઇન્ટરનેટ ટેકનીકલ વિભાગના જાણકાર વ્યક્તિ અને વિજીલન્સ ઓફીસર કે.એમ. ગોહીલ અને તેમની સાથે દિલ્હીના કોઇ એક વ્યક્તિ સાથે ત્યા ગયેલા અને આ જગ્યાએ હરીરચણસિંગ સાહેબ નિરીક્ષણ કરી રહ્યા હતા અને તેમના નિરીક્ષણના આધારે તેમને કુલ ત્રણ સ્થળોએ જવાનુ નક્કી કરેલું અને તેમને આ ત્રણ સ્થળ વિશે એવુ લાગેલું કે, આ ત્રણેય સ્થળોએથી ઇન્ટરનેટની કોઈ એકટીવીટી ચાલે છે. તેઓને આ ત્રણ સ્થળના નામ હાલ યાદ નથી પરંતુ કોઇ એટ્લાન્ટીક ઓફીસ અથવા એપાર્ટમેન્ટ એવુ કઇક હતું. અને આ ત્રણ સ્થળો એ જવા માટે હરચરણસિંગ સાહેબે પોલિસ બોલાવેલી. અને અલ્કાપુરીમાં સૌપ્રથમ જ્યા ગયેલા ત્યા તેઓ અને કે.એમ. ગોહીલ ત્યા બેઠેલા અને બાકીના

હરચણસિંગ, કે.સી. પટેલ અને પોલીસના માણસો વગેરે આ ત્રણ સ્થળે જવા માટે નીકળેલા અને તેઓને એટલા માટે બેસાડેલા કે જે જગ્યા પર બેઠા હતા ત્યાના કોઈ ઈક્યુપમેન્ટમાં કોઈ ફેરફાર ના કરે. તેઓ તે ઓફીસમાં બેઠા હતા તેમા ચારેક કોમ્પ્યુટર તેમજ કોઈ મોડમ જેવું પણ ત્યા હતું અને ત્યા ચાર ઈસમો હતા જે પૈકી એકનું નામ તેઓને યાદ છે જેમા સમીર પટેલ જેવું નામ હતું. આ લોકો ત્રણેય સ્થળ પર નિરીક્ષણ કરવા ગયેલા અને ત્યા નિરીક્ષણ કર્યા બાદ એક રીપોર્ટ તૈયાર કરેલો અને કે.સી. પટેલ અને હરીચરણસિંગ સાહેબે પોલીસને તે રીપોર્ટ આપેલો. પોલીસે તે આધારે તેઓનું નિવેદન લીધેલું. અને આ બાબતેની તમામ કામગીરી કે.સી. પટેલ અને હરીચરણસિંગ નાઓએ કરેલી. આ કામમાં કોઈપણ પ્રકારની મશીનરી કે ઇન્ટરનેટ માટેના સાધનો કે બીજા કોઈ અન્ય સાધનો તેઓની રૂબરૂમાં કોઇ જગ્યાએથી કબજે લિધેલ હોય તેવું જોયેલ નથી. જે પણ સાધનો કબજે લીધેલા તે સાધનો પી.આઈ. જાડેજા નાઓએ હરીચરણસિંગ સાહેબ અને કે.સી. પટેલ ની હાજરીમાં કબજે લીધેલા. આ સિવાય તેઓને બીજુ કંઈ ખબર નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સર્ચ અને સીજરની કામગીરી કરવામાં આવી તે ઓફીસ કોની માલીકીની હતી તેની તેઓને ખબર નથી. હરચરણસિંગ નાઓને જે માહીતી મળેલી તે બાબતે તેઓને કોઈ જાણકારી નથી. હરચરણસિંગ નાઓએ જે કોઇ કામગીરી કરેલી તે તેઓની હાજરીમાં કરેલ નથી. તેઓ વડોદરા જોનમાં તેમના કાઉન્ટર પાર્ટ તરીકે નોકરી કરતા હોય તેઓને સાક્ષી તરીકે સાથે રાખેલા. કઇ ઓફીસમાં કોના દ્વારા કઇ કામગીરી કરવામાં આવતી હતી તેની તેઓને કોઈ જાત માહીતી નથી.

(૧૩) **આંક–૧૧૯** થી હે.કો. પ્રભાતસિંહ ચંદ્રસિંહ રાણા નાઓને સોગંદ ઉપર તપાસતાં તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.

૧૮/૦૨/૦૫ ના રોજ જે.પી. રોડ પોલીસ સ્ટેશન ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા અને સદર દિવસે પી.એસ.ઓ.ના ચાર્જમાં હતા ત્યારે આ કામના ફરીયાદી નામે હરીચરણસિંગ દર્શનસિંહ નાઓની ફરિયાદ પો.ઈ.શ્રી કે.બી.જાડેજા સાહેબે ફરીયાદીની ફરિયાદ મુજબ ફરિયાદ લખી લઈ સદર ફરિયાદ બાબતે તેઓને ગુનો દાખલ કરવા સારૂ સાદર કરતા તેઓએ આ કામના આરોપીઓ સામે જે.પી. રોડ પો. સ્ટે. I ૫૯/૨૦૦૫ થી ઈપીકો કલમ- ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯, ૧૨૦બી તથા ટેલિગ્રાફ એક્ટ કલમ- ૨૦, ૨૦એ, ૨૫ મુજબનો ગુનો દાખલ કરી સીઆરપીસીની કલમ-૧૫૭ નો રિપોર્ટ કરી સદર ગુનાની તપાસ તેઓએ કે.બી. જાડેજા સાહેબને ફરિયાદ તથા જરૂરી પેપર્સ સહિત સોંપેલી અને તેઓએ આગળની તપાસ સંભાળી લીધેલી. તેઓએ આ કામે ગુનો દાખલ કર્યા સિવાય બીજી કોઇ અન્ય કામગીરી કરેલ નથી. તેઓને આ કામની ફરિયાદ બતાવવામાં આવે છે જે ફરિયાદમાં ફરીયાદીની તેમજ પી.આઇ.શ્રી જાડેજા સાહેબની સહી ઓળખી બતાવે છે, જે ફરિયાદ બાબતે તેઓએ ગુનો દાખલ કરેલ હોય, જેથી ફરિયાદ બાબતે તેઓ જાણતા હોય, જે ફરિયાદને સદર કામે **આંક-૧૨૦** આપવામાં આવે છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર કામે તેઓએ ગુનો રજિસ્ટર કર્યા સિવાય કોઈ કામગીરી કરેલ નથી. ફરિયાદ સાથે તેઓને કોઇ દસ્તાવેજી પુરાવા આપવામાં આવેલ નહી. ગુનો દાખલ કરવાની સુચના પી.આઈ.શ્રી કે.બી.જાડેજા નાઓએ આપેલી. ગુનો દાખલ કરી તપાસ પણ તેમને જ સુપરત કરવા સુચના આપેલી.

(૧૪)**આંક-૧૨૧** થી ત.ક.અ. કિશોરસિંહ બહાદુરસિંહ જાડેજા નાઓને સોગંદ ઉપર તપાસતાં તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૧૮/૦૨/૨૦૦૫ ના રોજ જે.પી. રોડ પો. સ્ટે. ખાતે પી.આઈ. તરીકે

તેઓની ફરજ ઉપર હાજર હતા ત્યારે નામે હરીચરણસિંહ દર્શનસિંગ સિંગનાઓ તેઓની સમક્ષ આવી તેઓની ફરિયાદ હકીકત જાહેર કરતા તેઓએ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી જે ફરિયાદની નકલ આજરોજ તેઓને બતાવવામાં આવે છે જે તેઓના રૂબરૂની ફરિયાદ છે અને તેઓની રૂબરૂમાં ફરીયાદી હરિચરણસિંગની સહી છે અને રૂબરૂમાં તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. જે ફરિયાદને સદર કામે **આંક–૧૨૦** આપવામાં આવે છે. સદર ફરિયાદના આધારે આ કામના પી.એસ.ઓ. પ્રભાતસિંહ ચંદ્રસિંહ નાઓએ જે.પી. રોડ. I ૫૯/૨૦૦૫, તા. ૧૮/૦૨/૦૫ ના રોજ ઈ.પી.કો. કલમ– ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮ વિગેરે તથા ટેલીગ્રાફ એક્ટ કલમ– ૨૦એ તથા ૨૦ તથા ૨૫ મુજબનો ગુનો આ કામના આરોપી વિરુધ્ધ દાખલ કરી તપાસ તેઓને સોંપતા તેઓએ તપાસના કામે સૌપ્રથમ ગુનાવાળી જગ્યાએ જઈ બે પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું જે **આંક–૧૦૧** વાળું તેઓને બતાવવામાં આવે છે જેમાં તેઓની તથા બે પંચોની સહી ઓળખી બતાવે છે તથા સાહેદોના નિવેદન લીધેલા તેમજ આ કામે તપાસ તેઓએ આરોપી ધવલ દિનેશભાઈ પટેલના રહેણાંકના ફ્લેટમાં ઝડતી કરેલ અને તેનું વિગતવારનું પંચનામું પંચોની હાજરીમાં કરેલું અને તેઓએ તપાસના કામે પંચનામાની વિગતે મુદ્દામાલ પાવતી નં. ૫૨/૦૫, આર્ટીકલ ૧ થી ૧૫ ના મુદ્દામાલ પંચોની હાજરીમાં કબ્જે કરેલો અને જે **આંક–૭૫** વાળું પંચનામું તેઓને બતાવવામાં આવે છે જેમાં પંચો તથા તેઓની સહી ઓળખી બતાવે છે. તેઓએ આ કામના આરોપી દુષ્યંત નરસિંહગીરી ગોસ્વામી તથા ધવલ દિનેશભાઈ પટેલ તથા સુનિલ દિપકભાઈ પટણી નાઓને પુરાવાના આધારે તેઓના તપાસના કામે પકડી તેઓએ નામ. કોર્ટમાંથી રિમાન્ડ માંગેલા અને નામ. કોર્ટે ત્રણેય આરોપીઓના રિમાન્ડ આપેલા અને ત્યારબાદ તેઓએ નામદાર કોર્ટની જ્યુડી. કસ્ટડી સારૂ મોકલી આપેલા. અને ત્યારબાદ આગળની તપાસ તેઓએ પી.આઈ.શ્રી

વી.ડી.રાઠોડને સોંપેલી અને તેઓએ આ કામના તમામ તપાસના કાગળો સંભાળી લીધેલા અને તેઓ શ્રી વી.ડી. રાઠોડની સાથે કામ કરતા હતા જેથી તેઓ તેમને સારી રીતે ઓળખે છે. જેઓ એકાદ વર્ષ પહેલા ગુજરી ગયેલ છે અને તેઓ તપાસના કાગળો જોઈને કહે છે કે શ્રી વી.ડી.રાઠોડ નાઓએ માત્ર એક આરોપી નામ શીતલ દિનેશભાઈ પટેલને અટક કરેલ છે. તેઓ આ કામના આરોપીને ઓળખે છે અને આ કામનું ચાર્જશીટ પુરતો પુરાવો હોય જેથી શ્રી વી.ડી.રાઠોડ નાઓએ કરેલ.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે ઉલટ તપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી જે તે સમયે વીજીલન્સ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. સદર ગુનાની ફરિયાદ તેઓની રૂબરૂની છે. સદર ગુનામાં બે પંચનામા તેઓએ કરેલા છે. સદર ગુનાની મોટા ભાગની તપાસ તેઓએ કરેલ છે. તેઓએ તપાસના કામે જે મુદ્દામાલ કબ્જે કરેલ જે મુદ્દામાલ બાબતે માલિકી અંગેનો કોઈ આધાર મેળવેલ નહી. કબ્જે કરેલ મુદ્દામાલ આરોપી નં. ૧ દુષ્યંતગીરી નાઓની માલિકીનો ન હતો. કબ્જે કરેલ મુદ્દામાલ પરિક્ષણ અર્થે એફ.એસ.એસ. કચેરી ખાતે મોકલવામાં આવેલ ન હતો. અમુક દસ્તાવેજી પુરાવાઓ ફરિયાદીએ પણ રજુ કરેલા છે. ડીટુવી કંપની પાસે ઇન્ટરનેટ સેવાઓ પુરી પાડવાનું કાયદેસરનું લાયસન્સ હતુ.

<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>

(૧૫) આ કામે મુદા નં. ૧ ની સાબિતીનો બોજો ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરિયાદપક્ષના શીરે રહે છે. ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂત અને સુસ્થાપિત સિદ્ધાંત એવો છે કે આરોપી વિરુદ્ધ આક્ષેપાયેલ ગુનાને ફરિયાદપક્ષે વાજબી શંકાથી પર (Beyond Reasonable Doubt) વિશ્વસનીય, કાયદેસર તથા નિઃશંક પુરાવાઓ દ્વારા સાબિત કરવાનો હોય છે. આરોપીને ગુનાહિત ઠેરવવાનો સમગ્ર બોજ ફરિયાદપક્ષ ઉપર રહેલો

હોય છે અને જ્યાં સુધી કાયદામાં વિશિષ્ટ અનુમાનની જોગવાઈ ન હોય ત્યાં સુધી આ બોજ ક્યારેય આરોપી ઉપર સ્થળાંતરિત થતો નથી. દરેક આરોપી અદાલત સમક્ષ નિર્દોષ હોવાના અનુમાન સાથે ઉપસ્થિત થાય છે અને જ્યાં સુધી ફરિયાદપક્ષ કાયદેસર અને વિશ્વસનીય પુરાવા દ્વારા તે અનુમાનનું સફળતાપૂર્વક ખંડન ન કરે ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન યથાવત્ રહે છે. માત્ર શંકા, ભલે તે ગમે તેટલી પ્રબળ કેમ ન હોય, તે કાયદેસર પુરાવાનું સ્થાન લઈ શકતી નથી. ફરિયાદપક્ષના પુરાવામાંથી બે શક્ય દ્દષ્ટિકોણ ઉદ્ભવતા હોય તો તેમાં આરોપીને અનુકૂળ હોય તેવો દ્દષ્ટિકોણ સ્વીકારવાનો રહે છે. તેથી હાલના કેસમાં ફરિયાદપક્ષે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯ તથા ૧૨૦(બી) તેમજ ટેલીગ્રાફ એક્ટની કલમ ૨૦, ૨૦(એ) તથા ૨૫ હેઠળના દરેક ગુનાના આવશ્યક તત્વોને વાજબી શંકાથી પર સાબિત કર્યા છે કે કેમ તે પ્રશ્નનો નિર્ણય સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાના મૂલ્યાંકનના આધારે કરવાનો રહે છે.

(૧૬) હાલના કેસમાં ફરિયાદપક્ષનો કેસ ફરિયાદ આંક-૧૨૦ મુજબ એવો છે કે તમામ આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું ઘડીને સુવર્ણપુરી એપાર્ટમેન્ટ, ચીકુવાડી, જેતલપુર રોડ, વડોદરા ખાતે આવેલ ફર્નિચરવાળું રહેણાંક મકાન રહેણાંક ઉપયોગ માટે ભાડે લેવાના બહાને ભાડે મેળવ્યું હતું. ત્યારબાદ ખોટી કંપનીઓ ઉભી કરીને, ખોટા નામો, ખોટા ફોટોગ્રાફ તથા ખોટા મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને પોપ્યુલર સોફ્ટવેર પ્રા. લિ.ના નામે D2V પાસેથી ઈન્ટરનેટ કનેક્શન મેળવવામાં આવ્યું હતું. ત્યારબાદ રિલાયન્સ કંપનીના વાયરલેસ લોકલ લૂપ ટેલિફોન મેળવી ભાડાના મકાનમાંથી ખાનગી અનઅધિકૃત ટેલિફોન એક્સચેન્જ શરૂ કરવામાં આવ્યું હતું. આ અનઅધિકૃત વ્યવસ્થાના માધ્યમથી વિદેશમાંથી આવતા આંતરરાષ્ટ્રીય ટેલિફોન કોલોને સરકારના અધિકૃત ગેટવેમાંથી

પસાર કર્યા વિના સીધા ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવતા હતા, જેના પરિણામે ભારત સરકાર, ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન તથા બી.એસ.એન.એલ.ને રૂપિયા ૧,૧૮,૧૨,૫૦૦/- નું નુકસાન થયું હોવાનું તથા આરોપીઓને ગેરકાયદેસર આર્થિક લાભ થયો હોવાનું ફરિયાદપક્ષનું મુખ્ય કથન છે.

(૧૭) આ તબક્કે એ નોંધવું અત્યંત જરૂરી છે કે ફરિયાદપક્ષે ચાર્જશીટમાં કુલ એકવીસ સાક્ષીઓ દર્શાવ્યા હોવા છતાં અદાલત સમક્ષ માત્ર સાત સાક્ષીઓની જ જુબાની નોંધાવી શકાયેલ છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે હાલના કેસના ફરિયાદી હરિચરણસિંહ દર્શનસિંહ સિંહ, જેમની ફરિયાદ સમગ્ર કેસનો પાયો છે, તેઓને ફરિયાદપક્ષ અદાલત સમક્ષ તપાસી શક્યો નથી. રેકોર્ડ પરથી સ્પષ્ટ થાય છે કે તેમની હાજરી માટે પ્રક્રિયા કાઢવામાં આવી હોવા છતાં તેઓની જુબાની નોંધાઈ શકી નથી. તે ઉપરાંત અન્ય દસ જેટલા મહત્વના સાક્ષીઓ પણ હાજર થઈ શક્યા નથી. આમ, ફરિયાદપક્ષ પોતાનો મુખ્ય ફરિયાદી સહિત કુલ અગિયાર મહત્વના સાક્ષીઓને તપાસવામાં નિષ્ફળ ગયો છે. ફરિયાદી એવા વ્યક્તિ હતા જેમણે કથિત ગુપ્ત માહિતી પ્રાપ્ત કરી હતી, રેઈડમાં ભાગ લીધો હતો, જાતે ફરિયાદ નોંધાવી હતી તથા સમગ્ર કથિત ગુનાહિત કાવતરાની હકીકત અદાલત સમક્ષ સ્પષ્ટ કરવાની હતી. તેમ છતાં તેઓની જુબાની ઉપલબ્ધ નથી. પરિણામે ફરિયાદપક્ષની સમગ્ર વાર્તાનો મૂળ આધાર જ અદાલત સમક્ષ કાયદેસર પુરાવાથી સાબિત થયો હોવાનું કહી શકાય તેમ નથી. ફોજદારી કેસમાં ફરિયાદી અથવા ઘટનાના મુખ્ય સાક્ષીની જુબાની વિશેષ મહત્વ ધરાવે છે. જ્યાં સમગ્ર કેસનો પાયો જ ફરિયાદી દ્વારા નોંધાવેલ ફરિયાદ ઉપર આધારિત હોય અને તે ફરિયાદીનું પરીક્ષણ જ કરવામાં આવ્યું ન હોય, ત્યાં અદાલત માત્ર તપાસ અધિકારીના નિવેદન અથવા ફરિયાદની નકલના આધારે ફરિયાદમાં કરાયેલ આક્ષેપોને સાચા માની શકે

નહીં. ફરિયાદ પોતે કોઈ સબસ્ટેન્ટિવ પુરાવો નથી. ફરિયાદ માત્ર ફોજદારી કાયદાની ગતિશીલતા શરૂ કરનાર દસ્તાવેજ છે. ફરિયાદમાં કરાયેલા આક્ષેપોને પુરાવાનું સ્વરૂપ ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે ફરિયાદી અદાલત સમક્ષ હાજર રહી સોગંદ ઉપર તે હકીકતોનું સમર્થન કરે તથા બચાવપક્ષને તેની અસરકારક ઊલટતપાસ કરવાનો અવસર પ્રાપ્ત થાય. હાલના કેસમાં ફરિયાદીનું પરીક્ષણ જ ન થતાં બચાવપક્ષ તે હકીકતોને પડકારી શક્યો નથી તથા અદાલતને પણ ફરિયાદીની વિશ્વસનીયતા પરખવાની તક મળી નથી. આવા સંજોગોમાં ફરિયાદમાં દર્શાવેલ ગંભીર આક્ષેપોને માત્ર દસ્તાવેજ તરીકે સ્વીકારી આરોપીઓને દોષિત ઠેરવવું કાયદાના સુસ્થાપિત સિદ્ધાંતોને વિરુદ્ધ ગણાય. પરિણામે ફરિયાદપક્ષનો મૂળ આધાર જ નોંધપાત્ર રીતે નબળો પડી જાય છે અને ત્યારબાદ રજૂ થયેલા અન્ય પુરાવાનું મૂલ્યાંકન પણ આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કરવું આવશ્યક બને છે.

(૧૮) હવે ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ મૌખિક પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં પંચ સાક્ષી ઈરફાન શબ્બીર અહેમદ પઠાણની જુબાની આંક–૧૧, પંચ સાક્ષી મહંમદહનીફ નિઝામભાઈ ચૌહાણની જુબાની આંક–૭૪, પંચ સાક્ષી ઈસ્માઈલ અબ્દુલભાઈ શેખની જુબાની આંક–૮૧ તથા પંચ સાક્ષી ધર્મેન્દ્રસિંહ ઝાલાની જુબાની આંક–૧૦૦ ઉપર નોંધાવવામાં આવી છે. આ સાક્ષીઓ મારફતે ફરિયાદપક્ષે પંચનામા આંક–૧૨, ૭૫ તથા ૧૦૧ સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ ઉપરોક્ત ચારેય પંચ સાક્ષીઓએ પોતાની મુખ્ય જુબાની દરમિયાન એકસરખી અને સ્પષ્ટ હકીકત જણાવી છે કે પોલીસ દ્વારા તેઓની તૈયાર કરવામાં આવેલ પંચનામા ઉપર માત્ર સહી લેવામાં આવી હતી. તેઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે પંચનામામાં શું લખેલું હતું તેની તેઓને કોઈ જાણકારી નથી. તેઓની

હાજરીમાં કોઈ શોધખોળ કરવામાં આવી નહોતી, કોઈ મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો નહોતો તથા તેઓ કોઈપણ આરોપીને ઓળખતા પણ નથી. તેઓએ માત્ર પોતાની સહી ઓળખી બતાવી છે અને તે સિવાયની તમામ હકીકતોનો સ્પષ્ટ ઈન્કાર કર્યો છે.

(૧૯) ઉપરોક્ત સાક્ષીઓ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોવાથી ફરિયાદપક્ષની વિનંતીથી તેઓને ફરી ગયેલા (Hostile) સાક્ષી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રીએ તેમની વિસ્તૃત ઊલટતપાસ કરી હતી. છતાં પણ તે ઊલટતપાસ દરમિયાન ફરિયાદપક્ષ કોઈપણ એવી મહત્વપૂર્ણ હકીકત બહાર લાવવામાં સફળ રહ્યો નથી કે જેના આધારે પંચનામાની કાર્યવાહી તેઓની હાજરીમાં કરવામાં આવી હોવાનું અથવા તેઓને તેની વાસ્તવિક જાણકારી હોવાનું કહી શકાય. વિપરીત રીતે બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસ દરમિયાન ચારેય પંચ સાક્ષીઓએ વધુ સ્પષ્ટતા સાથે સ્વીકાર્યું છે કે "અમે તૈયાર પંચનામા ઉપર સહી કરી હતી. તે સિવાય અમને કોઈ હકીકતની જાણ નથી." આ પ્રકારનું નિવેદન પંચ સાક્ષીઓના સમગ્ર પુરાવાની વિશ્વસનીયતા ઉપર ગંભીર અસર કરે છે. જ્યારે પંચ સાક્ષીઓ પોતે જ પંચનામાની કાર્યવાહીનો ઈન્કાર કરે છે ત્યારે તેવા પંચનામાની સ્વતંત્ર સાબિતી થતી નથી. નિશ્ચિતપણે કાયદાનો સુસ્થાપિત સિદ્ધાંત એવો છે કે કોઈ સાક્ષી ફરી જાય એટલે તેની સમગ્ર જુબાની આપોઆપ અસ્વીકાર્ય બની જતી નથી. અદાલત તેની જુબાનીમાંથી વિશ્વસનીય તથા અન્ય પુરાવાથી સમર્થિત ભાગ ઉપર આધાર રાખી શકે છે. પરંતુ હાલના કેસમાં ચારેય પંચ સાક્ષીઓએ ફરિયાદપક્ષના કોઈપણ મહત્વપૂર્ણ તથ્યને સમર્થન આપ્યું નથી. તેઓની જુબાનીમાંથી એવો કોઈ ભાગ પણ મળતો નથી કે જે અન્ય પુરાવા સાથે સુસંગત જણાય અને જેના આધારે પંચનામાની કાર્યવાહી વિશ્વસનીય હોવાનું માની શકાય. પંચનામું એ

સ્વતંત્ર સાક્ષીઓની હાજરીમાં થયેલ કાર્યવાહીનો લેખિત રેકોર્ડ છે. તેથી જ્યારે પંચનામાના સાક્ષીઓ જ તે કાર્યવાહીનો ઈન્કાર કરે છે ત્યારે માત્ર તપાસ અધિકારીના નિવેદનના આધારે પંચનામાને સંપૂર્ણ રીતે વિશ્વસનીય ગણવું સલામત રહેતું નથી. પરિણામે આંક-૧૨, ૭૫ તથા ૧૦૧ ઉપરના પંચનામાઓનો પુરાવાકીય આધાર નોંધપાત્ર રીતે નબળો પડી જાય છે.

(૨૦) ત્યારબાદ ફરિયાદપક્ષે બી.એસ.એન.એલ.માં ફરજ બજાવતા સાક્ષી બિપીનચંદ્ર ગંગાદાસ પટેલની જુબાની આંક-૧૦૫ ઉપર નોંધાવી છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવ્યું છે કે તેઓ સન ૧૯૯૧થી બી.એસ.એન.એલ.માં નોકરી કરે છે તથા સંબંધિત સમયગાળા દરમિયાન સબ ડિવિઝનલ એન્જિનિયર તરીકે ઈન્ટરનેટ વિભાગમાં ફરજ બજાવતા હતા. તેઓએ વધુમાં જણાવ્યું છે કે તા.૧૭.૦૨.૨૦૦૫ના રોજ ડી.ઓ.ટી.ના વિજિલન્સ ડિરેક્ટર હરિચરણસિંહ દર્શનસિંહને અમુક સ્થળોએ અનઅધિકૃત ટેલિફોન એક્સચેન્જ ચાલતી હોવાની માહિતી મળી હતી, જેના આધારે તેઓ અન્ય અધિકારીઓ સાથે તપાસમાં જોડાયા હતા. તેઓ D2V કંપનીની ઓફિસે ગયા હતા, જ્યાં હરિચરણસિંહ તથા કે.સી. પટેલ તપાસ કરી રહ્યા હતા. ત્યારબાદ તેઓ ત્રણ સ્થળોએ તપાસ માટે ગયા હતા. પરંતુ આ સાક્ષીની સંપૂર્ણ જુબાનીનું અવલોકન કરવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે તેમણે પોતે કોઈપણ આરોપીને અનઅધિકૃત ટેલિફોન એક્સચેન્જ ચલાવતા જોયા નથી. તેમણે કોઈ આંતરરાષ્ટ્રીય કોલનું ગેરકાયદેસર રૂટિંગ પોતાની નજરે જોયું નથી. તેમણે પોતે કોઈ સાધન અથવા મશીનરી કબ્જે થતી જોઈ નથી. તેમણે માત્ર એટલું જ જણાવ્યું છે કે તેઓ ઓફિસમાં બેઠા હતા અને અન્ય અધિકારીઓ તપાસ માટે ગયા હતા. તેઓએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે તપાસનું મુખ્ય કામ હરિચરણસિંહ તથા કે.સી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સાક્ષીની ઊલટતપાસ તો

ફરિયાદપક્ષના કેસ માટે વધુ પ્રતિકૂળ બને છે. તેમણે સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે જે ઓફિસમાં સર્ચ અને સીઝરની કાર્યવાહી થઈ તે ઓફિસ કોની માલિકીની હતી તેની તેમને કોઈ જાણ નથી. હરિચરણસિંહને જે માહિતી મળી હતી તેની પણ તેમને જાણ નથી. હરિચરણસિંહે જે તપાસ કરી હતી તે તેમની હાજરીમાં કરવામાં આવી નહોતી. તેઓ માત્ર કાઉન્ટરપાર્ટ ઓફિસર તરીકે સાથે રાખવામાં આવ્યા હતા. સૌથી મહત્વપૂર્ણ સ્વીકાર તો એ કર્યો છે કે કઈ ઓફિસમાં કોણ શું કામ કરતું હતું તેની તેમને કોઈ જાણકારી નથી. આ સ્વીકૃતિ દર્શાવે છે કે આ સાક્ષીને આરોપીઓની સંડોવણી અંગે કોઈ વ્યક્તિગત અને પ્રત્યક્ષ જ્ઞાન નહોતું. તેઓની જુબાનીનો મોટો ભાગ અન્ય અધિકારીઓ પાસેથી સાંભળેલી હકીકતો ઉપર આધારિત છે. ભારતીય પુરાવા અધિનિયમના સ્થાપિત સિદ્ધાંતો અનુસાર સાંભળેલી વાત (Hearsay Evidence) સામાન્ય રીતે સ્વીકાર્ય પુરાવો ગણાતી નથી, જ્યાં સુધી કાયદામાં કોઈ વિશિષ્ટ અપવાદ ઉપલબ્ધ ન હોય. આ ઉપરાંત આ સાક્ષીએ એમ પણ જણાવ્યું છે કે કબ્જે કરાયેલ સાધનો પોલીસ ઈન્સ્પેક્ટર જાડેજાએ હરિચરણસિંહ તથા કે.સી. પટેલની હાજરીમાં કબ્જે કર્યા હતા. પરંતુ હરિચરણસિંહ તથા કે.સી. પટેલ જેવા મહત્વપૂર્ણ અધિકારીઓને ફરિયાદપક્ષે અદાલત સમક્ષ તપાસ્યા નથી. તેથી આ સાક્ષી દ્વારા જણાવવામાં આવેલી હકીકતોને સમર્થન આપતો કોઈ સ્વતંત્ર અને પ્રત્યક્ષ પુરાવો ઉપલબ્ધ નથી. આથી બિપીનચંદ્ર ગંગાદાસ પટેલની જુબાનીનું સમગ્ર મૂલ્યાંકન કરતાં એવું સ્પષ્ટપણે કહી શકાય કે તેઓ ઘટનાના પ્રત્યક્ષદર્શી સાક્ષી નથી. તેઓએ આરોપીઓ દ્વારા કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી પોતાની નજરે જોઈ નથી તથા આરોપીઓ વિરુદ્ધના મુખ્ય આક્ષેપોને સાબિત કરતું કોઈ સ્વતંત્ર અને વિશ્વસનીય તથ્ય અદાલત સમક્ષ રજૂ કર્યું નથી. પરિણામે તેમની જુબાની માત્ર ઔપચારિક સ્વરૂપની રહી જાય છે અને તે આરોપીઓની

ગુનાહિત સંડોવણી નિઃશંકપણે સ્થાપિત કરવામાં ફરિયાદપક્ષને કોઈ નોંધપાત્ર મદદરૂપ થતી નથી.

**(૨૧)** ત્યારબાદ ફરિયાદપક્ષે હેડ કોન્સ્ટેબલ પ્રભાતસિંહ ચંદ્રસિંહ રાણાની જુબાની આંક–૧૧૯ ઉપર નોંધાવી છે. તેઓએ પોતાની જુબાનીમાં જણાવ્યું છે કે તા.૧૮.૦૨.૨૦૦૫ના રોજ તેઓ જે.પી. રોડ પોલીસ સ્ટેશન ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા તથા તે દિવસે પી.એસ.ઓ.નો ચાર્જ સંભાળતા હતા. તે સમયે ફરિયાદી હરિચરણસિંહ દર્શનસિંહ પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી. જાડેજા સમક્ષ હાજર થઈ ફરિયાદ નોંધાવવા આવ્યા હતા. પોલીસ ઈન્સ્પેક્ટરના સૂચન અનુસાર તેઓએ જે.પી. રોડ પોલીસ સ્ટેશન ખાતે આઈ.સી.આર. નં.૫૯/૨૦૦૫ તરીકે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯, ૧૨૦(બી) તથા ટેલિગ્રાફ એક્ટની કલમ ૨૦, ૨૦(એ) તથા ૨૫ મુજબનો ગુનો નોંધ્યો હતો અને ત્યારબાદ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી. જાડેજાને સોંપી હતી. તેમણે ફરિયાદ આંક–૧૨૦ ઉપર ફરિયાદી તથા પોલીસ ઈન્સ્પેક્ટરની સહી ઓળખી બતાવી છે. આ સાક્ષીની સમગ્ર જુબાનીનું મૂલ્યાંકન કરતાં સ્પષ્ટ થાય છે કે તેમનો પુરાવો માત્ર ગુનો નોંધવાની ઔપચારિક પ્રક્રિયા સુધી જ મર્યાદિત છે. તેમણે ઘટનાની કોઈ હકીકત પોતાની નજરે જોઈ નથી તથા આરોપીઓની સંડોવણી અંગે કોઈ વ્યક્તિગત જાણકારી દર્શાવી નથી. તેમની ઊલટતપાસમાં તેમણે સ્પષ્ટ સ્વીકાર કર્યો છે કે ગુનો નોંધવા સિવાય તેમણે તપાસની કોઈ કાર્યવાહી કરી નથી. ફરિયાદ નોંધાવતી વખતે ફરિયાદ સાથે કોઈ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવ્યો નહોતો. ગુનો નોંધવાની તથા તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી. જાડેજાને સોંપવાની સૂચના પણ તે જ અધિકારીએ આપી હતી. આ સ્વીકારો દર્શાવે છે કે આ સાક્ષીનો પુરાવો માત્ર

ઔપચારિક સ્વરૂપનો છે અને આરોપીઓએ ગુનો કર્યો હોવાનું સાબિત કરવામાં કોઈ મદદરૂપ થતો નથી.

(૨૨) ત્યારબાદ ફરિયાદપક્ષે તપાસ અધિકારી કિશોરસિંહ બહાદુરસિંહ જાડેજાની જુબાની આંક–૧૨૧ ઉપર નોંધાવી છે. તપાસ અધિકારીએ પોતાની જુબાનીમાં ફરિયાદ નોંધવાની પ્રક્રિયા, સ્થળ પંચનામું કરવું, સાક્ષીઓના નિવેદનો નોંધવા, આરોપી ધવલ દિનેશભાઈ પટેલના રહેણાંક મકાનની તપાસ કરવી, મુદ્દામાલ કબ્જે કરવો, આરોપીઓની ધરપકડ કરવી તથા ત્યારબાદની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર વી.ડી. રાઠોડને સોંપવા અંગેની વિગતો આપી છે. તેમણે આંક–૧૦૧ ઉપરનું સ્થળ પંચનામું તથા આંક–૭૫ ઉપરનું જપ્તી પંચનામું પણ ઓળખી બતાવ્યું છે. પરંતુ માત્ર તપાસ અધિકારી દ્વારા તપાસ કરવામાં આવી હોવાનું જણાવવાથી જ આરોપીઓની ગુનાહિત સંડોવણી આપોઆપ સાબિત થઈ જતી નથી. તપાસ અધિકારીની જુબાનીનો હેતુ તપાસ દરમિયાન કરવામાં આવેલી કાર્યવાહી સમજાવવાનો હોય છે. તપાસ દરમિયાન મળેલ હકીકતો તથા કબ્જે કરાયેલ મુદ્દામાલને સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવાથી સાબિત કરવું ફરિયાદપક્ષ માટે અનિવાર્ય રહે છે. તપાસ અધિકારીની જુબાની પોતે જ આરોપીના દોષિત હોવાનો નિર્ણાયક પુરાવો બની શકતી નથી. તપાસ અધિકારીની ઊલટતપાસમાં થયેલા સ્વીકારો ફરિયાદપક્ષના સમગ્ર કેસ ઉપર ગંભીર અસર કરે છે. તેમણે સ્પષ્ટ સ્વીકાર કર્યો છે કે તપાસ દરમિયાન કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ કોની માલિકીનો હતો તે અંગે કોઈ દસ્તાવેજી આધાર મેળવવામાં આવ્યો નહોતો. વધુમાં તેમણે સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે કબ્જે કરાયેલ મુદ્દામાલ આરોપી નં.૧ દુષ્યંત નરસિંહગીરી ગોસ્વામીની માલિકીનો નહોતો. આ સ્વીકાર અત્યંત મહત્વનો છે, કારણ કે ફરિયાદપક્ષ આરોપી નં.૧ને સમગ્ર કથિત કાવતરાનો મુખ્ય ભાગીદાર દર્શાવે છે, તેમ છતાં કબ્જે કરાયેલ કોઈપણ

સાધન સાથે તેમની માલિકી અથવા કબજો સ્થાપિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયો છે.

(૨૩) તપાસ અધિકારીએ વધુમાં સ્વીકાર્યું છે કે કબ્જે કરાયેલ સાધનોને કોઈપણ પ્રકારની વૈજ્ઞાનિક તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે મોકલવામાં આવ્યા નહોતા. હાલનો કેસ અત્યંત ટેકનિકલ સ્વરૂપનો છે. ફરિયાદપક્ષનો મુખ્ય આક્ષેપ એવો છે કે ઇન્ટરનેટ, ટેલિકોમ્યુનિકેશન સાધનો તથા વાયરલેસ લોકલ લૂપ સિસ્ટમનો ઉપયોગ કરીને અનઅધિકૃત આંતરરાષ્ટ્રીય ટેલિફોન એક્સચેન્જ ચલાવવામાં આવતી હતી. આવી પરિસ્થિતિમાં કબ્જે કરાયેલા સાધનોનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવવું તપાસનો મહત્વપૂર્ણ અને અનિવાર્ય ભાગ હતો. જો તે સાધનોનું ફોરેન્સિક પરીક્ષણ કરવામાં આવ્યું હોત તો તેમાંથી જાણી શકાય તેમ હતું કે તે સાધનોનો વાસ્તવમાં ઉપયોગ શેના માટે થતો હતો, તેમાં કોઈ ગેરકાયદેસર રૂટિંગ સિસ્ટમ કાર્યરત હતી કે નહીં, તે સાધનો આરોપીઓ સાથે જોડાયેલા હતા કે નહીં તથા ફરિયાદમાં વર્ણવેલ ગેરકાયદેસર પ્રવૃત્તિ તકનીકી રીતે શક્ય હતી કે નહીં. પરંતુ આવી કોઈ વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવી નથી. પરિણામે ફરિયાદપક્ષનો સમગ્ર ટેકનિકલ કેસ અનુમાન ઉપર આધારિત રહી જાય છે. તપાસ અધિકારીએ વધુમાં સ્વીકાર્યું છે કે ફરિયાદી દ્વારા કેટલાક દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. તેમ છતાં તે દસ્તાવેજોને સાબિત કરવા માટે સંબંધિત અધિકારીઓ અથવા દસ્તાવેજોના કસ્ટોડિયનને અદાલત સમક્ષ તપાસવામાં આવ્યા નથી. તેથી તે દસ્તાવેજોની સાબિતી પણ કાયદેસર રીતે થઈ હોવાનું કહી શકાય તેમ નથી. સૌથી મહત્વપૂર્ણ સ્વીકાર એવો છે કે D2V કંપની પાસે ઇન્ટરનેટ સેવા પૂરી પાડવાનું કાયદેસર લાઇસન્સ હતું. ફરિયાદપક્ષનો મુખ્ય આક્ષેપ એ છે કે D2V પાસેથી મેળવવામાં આવેલ ઇન્ટરનેટ કનેક્શનનો ગેરકાયદેસર ઉપયોગ કરવામાં આવ્યો હતો. જો આવું હોય તો D2V કંપનીના જવાબદાર અધિકારીને અદાલત સમક્ષ તપાસીને અરજીપત્રક, ગ્રાહકની વિગતો, ઇન્સ્ટોલેશન રેકોર્ડ, વપરાશનો રેકોર્ડ, આઈ.પી. લોગ્સ તથા સંબંધિત ટેકનિકલ માહિતી રજૂ કરવી અત્યંત જરૂરી

હતી. પરંતુ ફરિયાદપક્ષે D2V કંપનીના કોઈપણ અધિકારીને સાક્ષી તરીકે તપાસ્યો નથી.

(૨૪) તે જ રીતે રિલાયન્સ કંપનીના કોઈ અધિકારીને તપાસીને ૨૪ વાયરલેસ લોકલ લૂપ ટેલિફોન કોના નામે મેળવવામાં આવ્યા હતા, ક્યાં સ્થાપિત કરવામાં આવ્યા હતા તથા તેનો વપરાશ કોણ કરતું હતું તે બાબત પણ સાબિત કરવામાં આવી નથી. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના કોઈ અધિકારીને તપાસીને ખોટા નામે ખાતું ખોલવામાં આવ્યું હોવાનો આક્ષેપ પણ સાબિત કરવામાં આવ્યો નથી. કંપની રજિસ્ટ્રાર કચેરીના કોઈ અધિકારીને તપાસીને કથિત કંપનીઓની નોંધણી, તેમના ડિરેક્ટરોની વિગતો અથવા દસ્તાવેજોની સત્યતા પણ સાબિત કરવામાં આવી નથી. આ ઉપરાંત ફરિયાદપક્ષે જે હરિચરણસિંહ દર્શનસિંહ તથા કે.સી. પટેલ જેવા અધિકારીઓના આધારે સમગ્ર તપાસ શરૂ થઈ હોવાનું જણાવ્યું છે, તે બંને મહત્વપૂર્ણ અધિકારીઓને પણ સાક્ષી તરીકે તપાસવામાં આવ્યા નથી. બિપીનચંદ્ર પટેલે પોતાની જુબાનીમાં સ્પષ્ટ કહ્યું છે કે મુખ્ય તપાસ આ બંને અધિકારીઓએ કરી હતી. તેમ છતાં તેઓને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા નથી. પરિણામે સમગ્ર તપાસની મૂળભૂત કડી જ પુરાવાના સ્વરૂપમાં ઉપલબ્ધ નથી. ફોજદારી કેસમાં તપાસ અધિકારીનો પુરાવો મહત્વનો હોય છે, પરંતુ તે સ્વતંત્ર પુરાવાનો વિકલ્પ બની શકતો નથી. તપાસ દરમિયાન એકત્ર થયેલ હકીકતોને સ્વતંત્ર, વિશ્વસનીય તથા કાયદેસર પુરાવાથી સમર્થન મળવું જરૂરી છે. હાલના કેસમાં તપાસ અધિકારીની જુબાનીને સમર્થન આપતા સ્વતંત્ર સાક્ષીઓ ઉપલબ્ધ નથી. પંચ સાક્ષીઓ ફરી ગયા છે, મુખ્ય ફરિયાદી તપાસવામાં આવ્યો નથી, ટેકનિકલ નિષ્ણાતોને તપાસવામાં આવ્યા નથી તથા કબ્જે કરાયેલા સાધનોનું વૈજ્ઞાનિક પરીક્ષણ પણ કરવામાં આવ્યું નથી. આવી પરિસ્થિતિમાં માત્ર તપાસ અધિકારીની જુબાનીના આધારે આરોપીઓને દોષિત ઠેરવવું કાયદાના સ્થાપિત સિદ્ધાંતોને અનુરૂપ ગણાવી શકાય નહીં. આથી તપાસ અધિકારીની સમગ્ર જુબાની તથા તેમની ઊલટતપાસમાં થયેલા મહત્વપૂર્ણ સ્વીકારોનું મૂલ્યાંકન કરતાં આ અદાલત એવા નિષ્કર્ષ ઉપર પહોંચે છે કે ફરિયાદપક્ષ તપાસ

દ્વારા એકત્ર કરવામાં આવેલ સામગ્રીને કાયદેસર, સ્વતંત્ર તથા વિશ્વસનીય પુરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે. પરિણામે તપાસ અધિકારીનો પુરાવો પણ ફરિયાદપક્ષના કેસને નિઃશંકપણે સ્થાપિત કરવામાં પૂરતો અને વિશ્વસનીય સાબિત થતો નથી.

(૨૫) હવે ફરિયાદપક્ષ દ્વારા આક્ષેપિત દરેક ગુનાના કાનૂની તત્વોના સંદર્ભમાં રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬ હેઠળના ગુનામાં ફરિયાદપક્ષે પ્રથમ તબક્કે એ સાબિત કરવાનું રહે છે કે કોઈ મિલકત અથવા સોંપવામાં આવેલ વસ્તુનું આરોપીને કાયદેસર રીતે એન્ટ્રસ્ટમેન્ટ કરવામાં આવ્યું હતું તથા ત્યારબાદ આરોપીએ તેનો અપ્રમાણિક રીતે દુરુપયોગ અથવા અપહરણ કર્યું હતું. હાલના કેસમાં ફરિયાદપક્ષ એવો કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ કરી શક્યું નથી કે જેના પરથી કોઈ ચોક્કસ મિલકત આરોપીઓને સોંપવામાં આવી હતી અને ત્યારબાદ તેનો આરોપીઓ દ્વારા ગેરઉપયોગ કરવામાં આવ્યો હતો. માત્ર ફરિયાદમાં કરવામાં આવેલ આક્ષેપોને આધારે એન્ટ્રસ્ટમેન્ટ તથા ડિશોનેસ્ટ મિસએપ્રોપ્રિયેશન જેવા આવશ્યક તત્વો સાબિત થઈ શકે નહીં. તેથી કલમ ૪૦૬ હેઠળનો ગુનો ફરિયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયું છે. તે જ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ હેઠળના ગુનામાં છેતરપિંડીના ગુનાના આવશ્યક તત્વો તરીકે પ્રારંભથી જ કપટપૂર્ણ અથવા અપ્રમાણિક મનોદશા તથા તે આધારે કોઈ વ્યક્તિને મિલકત આપવા અથવા કોઈ કાર્ય કરવા પ્રેરિત કરવામાં આવી હોવાનું સાબિત કરવું જરૂરી બને છે. હાલના કેસમાં જે મકાન ભાડે લેવામાં આવ્યું હોવાનું કહેવામાં આવ્યું છે તે મકાનના માલિકને ફરિયાદપક્ષે અદાલત સમક્ષ તપાસ્યો નથી. D2V કંપનીના કોઈ જવાબદાર અધિકારીને તપાસીને આરોપીઓએ કયા દસ્તાવેજોના આધારે ઈન્ટરનેટ કનેક્શન મેળવ્યું હતું તે પણ સાબિત કરવામાં આવ્યું નથી. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંકના કોઈ અધિકારીને તપાસીને ખોટા નામે ખાતું ખોલવામાં આવ્યું હતું અથવા ખોટા ફોટોગ્રાફ તથા ખોટા દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા તે બાબત પણ સાબિત કરવામાં આવી નથી. તેથી આરોપીઓએ શરૂઆતથી જ છેતરપિંડી કરવાનો ઈરાદો રાખ્યો હતો તેવો

કોઈ વિશ્વસનીય પુરાવો ઉપલબ્ધ નથી. પરિણામે કલમ ૪૨૦ના આવશ્યક તત્વો પણ પુરવાર થતા નથી. ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૭ તથા ૪૬૮ હેઠળના બનાવટી દસ્તાવેજો તૈયાર કરવા તથા તેનો ઉપયોગ કરવાના આક્ષેપ અંગે પણ ફરિયાદપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે આરોપીઓએ ખોટા નામો, ખોટા ફોટોગ્રાફ તથા ખોટા દસ્તાવેજોના આધારે કંપની તથા બેંક ખાતા શરૂ કર્યા હતા. પરંતુ ફરિયાદપક્ષે કોઈપણ મૂળ બનાવટી દસ્તાવેજ કાયદેસરની રીતે પુરાવામાં સાબિત કર્યો નથી. કોઈ હસ્તલેખ નિષ્ણાત, કોઈ દસ્તાવેજી નિષ્ણાત, કોઈ બેંક અધિકારી અથવા સંબંધિત દસ્તાવેજોના કસ્ટોડિયનને સાક્ષી તરીકે તપાસવામાં આવ્યા નથી. કોઈપણ દસ્તાવેજ બનાવટી હોવાનું વૈજ્ઞાનિક અથવા દસ્તાવેજી પુરાવાથી સ્થાપિત કરવામાં આવ્યું નથી. તેથી કલમ ૪૬૭ તથા ૪૬૮ હેઠળના ગુનાઓના આવશ્યક તત્વો પણ ફરિયાદપક્ષ પુરવાર કરી શક્યું નથી. ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ હેઠળના ચોરીના ગુનાના સંદર્ભમાં ફરિયાદપક્ષનું મુખ્ય કથન એવું છે કે સરકારના ગેટવેનો ઉપયોગ કર્યા વગર આંતરરાષ્ટ્રીય કોલોનું ગેરકાયદેસર રૂટિંગ કરીને સરકાર તથા બી.એસ.એન.એલ.ને રૂપિયા ૧,૧૮,૧૨,૫૦૦/- નું નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. પરંતુ આ ગંભીર આક્ષેપને સમર્થન આપતું કોઈ ટેકનિકલ પુરાવો અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યું નથી. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશનના કોઈ ટેકનિકલ અધિકારીને તપાસવામાં આવ્યા નથી. બી.એસ.એન.એલ.ના કોઈ નિષ્ણાત અધિકારીએ નુકસાનની ગણતરી કેવી રીતે કરવામાં આવી તે સમજાવ્યું નથી. કથિત ઇન્ટરનેટ રૂટિંગ સિસ્ટમ, સર્વર, લોગ્સ, કોલ ડેટા રેકોર્ડ, આઈ.પી. વિગતો અથવા અન્ય ટેકનિકલ સામગ્રી પણ પુરાવામાં રજૂ કરવામાં આવી નથી. પરિણામે ચોરીના આક્ષેપનો મૂળ આધાર જ પુરાવાના અભાવે અધૂરો રહી જાય છે. તે જ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦(બી) હેઠળના ગુનાહિત કાવતરાના આરોપ અંગે પણ ફરિયાદપક્ષે કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ કર્યો નથી. કાવતરું સામાન્ય રીતે પરિસ્થિતિજન્ય પુરાવાઓ દ્વારા સાબિત થતું હોય છે. પરંતુ તે માટે દરેક પરિસ્થિતિ નિઃશંકપણે સાબિત થવી આવશ્યક છે તથા તમામ

પરિસ્થિતિઓ એકબીજા સાથે એટલી ગાઢ રીતે જોડાયેલી હોવી જોઈએ કે આરોપીઓ સિવાય અન્ય કોઈ તારણ શક્ય ન રહે. હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા આધારિત કોઈપણ મહત્વપૂર્ણ પરિસ્થિતિ સ્વતંત્ર અને વિશ્વસનીય પુરાવાથી સાબિત થઈ નથી. જ્યારે મુખ્ય હકીકતો જ પુરવાર થઈ નથી ત્યારે ગુનાહિત કાવતરાનું અનુમાન પણ કાયદેસર રીતે કરી શકાય નહીં.

(૨૬) ટેલિગ્રાફ એક્ટની કલમ ૨૦, ૨૦(એ) તથા ૨૫ હેઠળના આરોપોની બાબતમાં પણ ફરિયાદપક્ષે એવો કોઈ નિષ્ણાત પુરાવો રજૂ કર્યો નથી કે જેના પરથી કબ્જે કરાયેલા સાધનોનો ઉપયોગ ખરેખર અનઅધિકૃત ટેલિકોમ્યુનિકેશન એક્સચેન્જ તરીકે થતો હતો. તપાસ અધિકારીએ પોતે જ સ્વીકાર્યું છે કે કબ્જે કરાયેલા સાધનોનું ફોરેન્સિક પરીક્ષણ કરવામાં આવ્યું નહોતું. જ્યારે સમગ્ર કેસ ટેકનિકલ સાધનો તથા ઈલેક્ટ્રોનિક સિસ્ટમ ઉપર આધારિત હોય ત્યારે વૈજ્ઞાનિક પુરાવાનું વિશેષ મહત્વ રહે છે. તેવા પુરાવાના સંપૂર્ણ અભાવમાં માત્ર અનુમાનના આધારે આરોપીઓને દોષિત ઠેરવી શકાય નહીં.

(૨૭) વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રીએ એવી દલીલ કરી છે કે ફરિયાદ, પંચનામા, મુદ્દામાલની જપ્તી તથા તપાસ અધિકારીની જુબાનીને સંયુક્ત રીતે જોતા આરોપીઓ વિરુદ્ધનો ગુનો સાબિત થાય છે અને તપાસ અધિકારીના પુરાવા ઉપર વિશ્વાસ મુકવો જોઈએ. બીજી તરફ વિદ્વાન બચાવ પક્ષના વકીલશ્રીએ દલીલ કરી છે કે ફરિયાદી પોતે જ અદાલત સમક્ષ તપાસાયો નથી, તમામ સ્વતંત્ર પંચ સાક્ષીઓ ફરી ગયા છે, કોઈ ટેકનિકલ નિષ્ણાતને તપાસવામાં આવ્યો નથી, કબ્જે કરાયેલ મુદ્દામાલનું ફોરેન્સિક પરીક્ષણ કરવામાં આવ્યું નથી, મુદ્દામાલને આરોપીઓ સાથે જોડતો કોઈ પુરાવો ઉપલબ્ધ નથી તથા ફરિયાદપક્ષ ગુનાના મૂળભૂત તત્વો પણ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે. બંને પક્ષોની દલીલો તથા સમગ્ર પુરાવાનું સાવચેતીપૂર્વક મૂલ્યાંકન કરતાં આ અદાલતના મત મુજબ બચાવપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલ વાંધાઓમાં પૂરતો તથ્યાત્મક તથા કાનૂની બળ રહેલું જણાય છે.

(૨૮) આ અદાલત એ હકીકત પણ અવગણી શકે તેમ નથી કે હાલનો કેસ અત્યંત ટેકનિકલ સ્વરૂપનો છે. ફરિયાદપક્ષના પોતાના કેસ મુજબ આરોપીઓએ ઈન્ટરનેટ ટેકનોલોજી, ટેલિકોમ્યુનિકેશન સાધનો તથા વાયરલેસ લોકલ લૂપ સિસ્ટમનો ઉપયોગ કરીને ગેરકાયદેસર આંતરરાષ્ટ્રીય ટેલિફોન એક્સચેન્જ ચલાવી હતી. આવા પ્રકારના આરોપોને સાબિત કરવા માટે ટેકનિકલ નિષ્ણાતો, સંબંધિત કંપનીઓના અધિકારીઓ, દસ્તાવેજી પુરાવા તથા વૈજ્ઞાનિક તપાસના પરિણામો અનિવાર્ય સ્વરૂપે જરૂરી બની જાય છે. પરંતુ ફરિયાદપક્ષે આવા કોઈ વિશ્વસનીય પુરાવા રજૂ કર્યા નથી. તેના બદલે સમગ્ર કેસ અનુમાન, અધૂરી તપાસ તથા અસાબિત દસ્તાવેજો ઉપર આધારિત રહી જાય છે. ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક વધુ મૂળભૂત સિદ્ધાંત એવો છે કે સો દોષિત વ્યક્તિઓ છટકી જાય તો પણ એક નિર્દોષ વ્યક્તિને દંડિત કરવી ન જોઈએ. આ સિદ્ધાંતને અનુરૂપ જ ભારતીય પુરાવા અધિનિયમ તથા ફોજદારી કાયદાનો સમગ્ર માળખો રચાયેલ છે. ફરિયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવામાં જ્યાં ગંભીર શંકા, ખૂટતી કડીઓ તથા અપૂર્ણતા રહેલી હોય ત્યાં અદાલત આરોપીને દોષિત ઠેરવી શકતી નથી. Fouler the crime, higher the proof તથા Suspicion, however strong, cannot take the place of legal proof જેવા સુસ્થાપિત સિદ્ધાંતો હાલના કેસમાં સંપૂર્ણપણે લાગુ પડે છે.

(૨૯) સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું સંકલિત મૂલ્યાંકન કરતાં આ અદાલત એવા નિષ્કર્ષ ઉપર પહોંચે છે કે ફરિયાદપક્ષ પોતાના કેસની મૂળભૂત કડીઓ સાબિત કરવામાં નિષ્ફળ ગયું છે. ફરિયાદીનું પરીક્ષણ થયું નથી. સ્વતંત્ર પંચ સાક્ષીઓએ ફરિયાદપક્ષને સમર્થન આપ્યું નથી. મુખ્ય ટેકનિકલ સાક્ષીને વ્યક્તિગત જાણકારી નથી. તપાસ અધિંકારીએ પોતાની ઊલટતપાસમા  અનેક મહત્વપૂર્ણ સ્વીકારો કર્યા છે. કબ્જે કરાયેલ મુદ્દામાલનું વૈજ્ઞાનિક પરીક્ષણ કરવામાં આવ્યું નથી. સંબંધિત બેંક, D2V કંપની, રિલાયન્સ કંપની, ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન, બી.એસ.એન.એલ. તથા કંપની રજિસ્ટ્રાર કચેરીના

કોઈપણ અધિકારીઓને તપાસવામાં આવ્યા નથી. આ તમામ સંજોગો મળીને ફરિયાદપક્ષના સમગ્ર કેસને વાજબી શંકાથી પર સાબિત કરવામાં અસમર્થ બનાવે છે. આથી આ અદાલતનો સ્પષ્ટ મત છે કે ફરિયાદપક્ષ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯ તથા ૧૨૦(બી) તેમજ ટેલિગ્રાફ એક્ટની કલમ ૨૦, ૨૦(એ) તથા ૨૫ હેઠળના આક્ષેપો આરોપીઓ વિરુદ્ધ વાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયું છે. પરિણામે આરોપીઓ લાભશંકાના સિદ્ધાંતનો લાભ મેળવવા હકદાર બને છે. તેથી મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપવામાં આવે છે આપી, મુદ્દા નં.ર પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// <u>આખરી હુકમ</u> //

૧. આરોપી નં. **(૧) દુષ્યંત નરસીહગીર ગોસ્વામી,** રહે. ૨૭–એ, ગણેશ નગર સોસાયટી, રામાકાકા રોડ, છાણી, વડોદરા નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮(૧) તથા આરોપી નં. **(૨) સુનિલ દિપકભાઇ પટણી,** રહે. ૪૬, શ્રી સોસાયટી, ન્યુ ખંડેરાવ રોડ, જવાહર સોસાયટી સામે, પ્રતાપનગર, વડોદરા અને આરોપી નં. **(૩) શિતલભાઇ દિનેશભાઇ પટેલ,** રહે. સી–૯૨, હરિઓમ ટાવર્સ, લૉ ગાર્ડન, નવરંગપુરા, અમદાવાદ શહેર નાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮(૧) તથા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૫૩(૬) સાથે વાંચતા, ઇ. પી. કોડની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૩૭૯, ૧૨૦(બી) તથા ટેલીગ્રાફ એક્ટની કલમ–૨૦, ૨૦(એ), ૨૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબ, પુરતા પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપી નં. ૧ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂ.૫,૦૦૦/– ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપિલ સમય વિત્યા બાદ નિયમ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ચુકાદો આજરોજ **તા.૦૧લી, માહે–જુલાઇ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી/સિકકો કરીને જાહેર કર્યો.

તારીખ: ૦૧/૦૭/૨૦૨૬
સ્થળ : વડોદરા.

R. P. DAVE (G. Steno)

(આશિષ કે. શાહ)
**ત્રીજા એડી.જયુડિ.મેજિ.ફ.ક.,વડોદરા.**
જજ કોડ નં.જીજે–૦૧૬૩૨